ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1597/57 વર્ષઃ ૧૬૦ * * * સંવત ૨૦૭૯ માગશર વદ તેરસ, બુધવાર ૨૧ ડિસેમ્બર, ૨૦૨૨ * * * દૈનિક : ૮૭ - અંક : ૪૬ પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

# સહજાનંદ ટેક્નોલોજીના મુંજાલ ગજ્જરને વિશ્વની 100 ઈનોવેટિવ વ્યક્તિઓમાં સ્થાન મળ્યું

**લેસર** ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને રોબોટિક્સ આધારિત ડાયમંડ પ્રોસેસિંગ સોલ્યુશન્સ વિકસાવી છે



સુરત;: સુરતની એસટીપીએલ કંપનીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેડ મુંજાલ ગજ્જરને વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન દ્વારા ફોટોનિક્સ ઈન્ડસ્ટ્રીના ટોચના 100, મોસ્ટ ઈનોવેટિવ લોકોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.'ઈલેક્ટ્રો ઓપ્ટિક્સ'નામનું પ્રકાશન જૂથ યુરોપમાં અને સમગ્ર વિશ્વમાં ફોટોનિક્સ ઉદ્યોગને સંબંધિત વિશ્વસનીય અને સચોટ માહિતી તથા વિશ્લેષણ પૂરું પાડવા માટે વિખ્યાત છે. આ મેગેઝિન દ્વારા 'ધ ફોટોનિક્સ 100' નામે એક વાર્ષિક યાદી જાહેર કરે છે, જેમાં જેમાં વિશ્વના ફક્ત 100 વ્યક્તિઓ સ્થાન પામતા હોય છે જેમને વિશ્વસ્તરે વિશિષ્ઠ અને નોંધપાત્ર કામગીરી આપનારા લોકોને સન્માનિત કરવામાં આવે છે. લેસર ટેક્નોલોજી,આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ આધારિત ડાયમંડ પ્રોસેસિંગ સોલ્યુશન્સ વિકસાવનાર મુંજાલ ગજ્જરને તેમના ઈનોવેટિવ સંશોધનો માટે વિશ્વની 100 ઈનોવેટિવ વ્યક્તિઓમાં સ્થાન મળ્યું. હીરા ઉદ્યોગમાં લેસર ટેક્નોલોજીના તેમને STPL થકી રજૂ કરી હતી. જે ક્રાંતિકારી શોધ બની રહી છે. ધ ફોટોનિક્સ 100 ની યાદીમાં એશિયન ત્રણ સંશોધકોમાં ભારતના એક માત્ર મુંજાલ ગજ્જરને સ્થાન મળ્યું. STPL ના CEO રાહુલ ગાયવાલા અને એમડી ભાર્ગવ કોટડીયાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ફોટોનિક્સ એ પ્રકાશનાં કિરણોના ભૌતિક વિજ્ઞાનની શાખા છે. પ્રકાશ અને ખાસ કરીને લેસર કિરણોનો વિવિધ પ્રકારે જીવન ઉપયોગી બાબતોમાં ઉપયોગ કરવાના વિજ્ઞાન અને ઉદ્યોગમાં ફોટોનિક્સ બહુ મહત્ત્વપૂર્ણ બાબત છે. અહીં ગર્વની વાત એ છે કે મુંજાલ ગજ્જર પાક્કા સુરતી અને મૂળ ગુજરાતી વ્યક્તિ છે અને જે હવે વિશ્વના 100 ઈનોવેટિવ વ્યક્તિઓમાંના એક છે. એસટીપીએલના મુંજાલ ગજ્જરે ફોટોનિક્સ, ખાસ કરીને લેસર ટેક્નોલોજીના ક્ષેત્રે નીતનવાં સંશોધનો દ્વારા દેશના સમગ્ર હીરાઉદ્યોગની કાયાપલટ કરવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે.